| Full Syllabus | ગુજરાતી (008) (G) | |
|---|---|---|
| ગુજરાતી | BOARD QUESTION PAPER-6 | Standard-12 |
| Time : 3 Hours | MAY 2021 | Total Marks : 100 |

સૂચના : (1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ A, B, C, D, E છે.
(2) બધા જ વિભાગના પ્રશ્ન ફરજિયાત છે.
(3) કેટલાક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ છે.
(4) જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
(5) લેખન સજ્જતા, ભાષા શુદ્ધિ તથા લખાણની મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.

## વિભાગ-A (પદ્ય વિભાગ)

• **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** **05**

1. ગંગાસતી પોતાના ક્રોધી સ્વભાવને જીતવાની શીખ કોને આપે છે ?
(અ) મીરાંબાઈ (બ) પાનબાઈ (ક) રમાબાહ (ડ) ત્રણમાંથી એક પણ નહિ

2. વીડી વાઢનારા કાવ્યમાં નાયિકાનું દાતરડું કેવું છે ?
(અ) સોનાનું (બ) ચાંદીનું (ક) પીત્તળનું (ડ) ધાતુનું

3. રમણીક અરાલવાળાનું કયું સૉનેટ તમારા અભ્યાસક્રમમાં છે ?
(અ) ક્રોધી સ્વભાવને (બ) વીડી વાઢનારા (ક) વતનનો તલસાટ (ડ) વડલો ને પંખીડા

4. મેળો આપો તો કાવ્યમાં કાવને પ્રવાહની મધ્યમાં શેનો ભાસ થાય છે ?
(અ) આકાશી રંગનો (બ) સૂની બપોરનો (ક) છલકાતી છોળે (ડ) મૃગજળ

5. 'બેટા, મને પાછી જવા દે' કાવ્યનો અનુવાદ કોણે કર્યો છે ?
(અ) નીતા રામૈયા (બ) ગાંધીજી (ક) ઉમા મહેશ્વરન (ડ) ગંગાસતી

• **નીચે આપેલા જોડકાને સાચી રીતે જોડી ફરીથી લખો.** **04**

| | કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|---|
| 6. | બેટા ! મને પાછી જવા દે | (અ) ગીત |
| 7. | વડલો ને પંખીડા | (બ) લોકગીત |
| 8. | એક સરખા દિવસ | (ક) ઊર્મિકાવ્ય |
| 9. | વીડી વાઢનારા | (ડ) સૉનેટ |
| | | (ઇ) પદ |

• **નીચે આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર આપો.** **03**

10. નાયક નાયિકાને શી મજૂરી મળી ?

11. નિયતિ નો શો ક્રમ છે ?

12. પંખીઓ વડને શો જવાબ આપે છે ?

• **નીચેના પ્રશ્નોના ત્રણ ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈ પણ બે)** **04**

13. ગંગાસતી માનવ સ્વભાવના કયા - કયા દુર્ગુણો જણાવી તેને દૂર કરવાના ઉપાયો સૂચવે છે ?

14. કવિ કોનો સંગાથ ઇચ્છે છે ? સંગાથ વચ્ચે પણ કવિને એકલતા શી રીતે કોરી ખાય છે ?

15. નગરજીવનનું બંધિયારપણું બાને શી રીતે સતાવે છે ?

- **નીચેના પ્રશ્નોના આશરે 100 શબ્દોમાં ઉત્તર લખો. (કોઈ પણ એક)** **04**

16. 'એક, સરખા દિવસ સુખના કોઈના જાતા નથી' - કાવ્યમાં માનવીય પરિસ્થિતિ અને પરિવર્તન અંગે શો સંદેશ સમજાવ્યો છે ?

17. 'વડલો ને પંખીડાં' કાવ્યમાં વ્યક્ત થતી પરસ્પર અતૂટ સ્નેહની મૂલ્યવાન શીખ તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ-B (ગદ્ય આધારિત)

- **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** **04**

18. ગંડોલા શું છે ?

(અ) મોટરકાર (બ) બસ (ક) સ્ટીમર (ડ) કલામય હોડીઓ

19. 'મોરનાં ઈંડા' કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.

(અ) નવલિકા (બ) પ્રવાસ નિબંધ (ક) મુલાકાત (ડ) ચરિત્ર

20. 'કુસુમનું કઠણ તપ' ખંડ કઈ નવલકથામાંથી લેવામાં આવ્યો છે ?

(અ) સારક્ષજીવન (બ) લીલાવતી જીવનકલા

(ક) સરસ્વતીચંદ્ર (ડ) સ્ક્રેપબુક

21. થીગડું વાર્તામાં પ્રભાશંકરે મનુને કઈ વાર્તા કહી ?

(અ) રાક્ષસની (બ) ચિરાયુની

(ક) સાપ અને કાગડાની (ડ) ત્રણમાંથી એક પણ નહીં

- **નીચે આપેલા જોડકાને સાચી રીતે જોડી ફરીથી લખો.** **04**

| | કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|---|
| 22. | મોરનાં ઈંડા | ચં. ચી. મહેતા |
| 23. | જળનગરી વેનિસ | ઈશ્વર પેટલીકર |
| 24. | અખાનો સંસારત્યાગ | ગાંધીજી |
| 25. | નારાયણ હેમચંદ્ર | મૃદુલાબહેન મહેતા |

- **નીચે આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર આપો.** **04**

26. અખાએ જમનાને શા માટે કંઠી ઘડી આપી ?

27. ગામમાં વળાવિયાનું કામ કરનાર જાણીતી વ્યક્તિ કોણ હતી ?

28. સુંદર કોને શોધતી હતી ? તેમાં તેણે શો ચિત્રવેશ જોયો ?

29. ઈટાલિયન ભાષામાં ચોકને શું કહે છે ?

- **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈ પણ બે)** **04**

30. બિસ્મિલ્લાખાંને મામાએ કઈ ત્રણ શીખ આપી ?

31. વેનિસમાં કયા - કયા રમણીય સ્થાનો છે ?

32. કોટને થીગડું દેતાં પ્રભાશંકરે શી મુશ્કેલીઓ પડી ?

- **સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ એક)** **04**

33. 'મોરના ઈંડા' શીર્ષકની યથાર્થતા સમજાવો.

34. અખો શા માટે સંસારત્યાગ કરે છે ? એની મનઃસ્થિતિ જણાવો.

## વિભાગ-C (વ્યાકરણ આધારિત)

20

- **નીચેના પ્રશ્નોના સૂચના પ્રમાણે જવાબ આપો. (પ્રત્યેકનો એક ગુણ)**

35. **નીચેના વાક્યમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરીથી લખો.**
 - પ્રભાશંકરે ગોખલા પાનાની ચમચી લીધી.

36. **નીચેના વાક્યમાં યોગ્ય નામયોગી મૂકી વાક્ય ફરીથી લખો.**
 - રાજા બોલ્યા : 'અમારા વહાલા દીકરાને ...... અમારા મનમાં ખરાબ વિચાર તો નહિ જ આવે.

37. **નીચેના વાક્યમાં પ્રત્યય અને નામયોગી મૂકી વાક્ય ફરીથી લખો.**
 - યુરોપભર અંગ્રેજી ભાષા ........... નફરત.

38. **નીચેના વાક્યમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.**
 - એક દિવસ રાત્રે હું તિલક કામોદ વગાડતો હતો.

39. **વાક્યને અર્થપૂર્ણ બનાવવા માટે વિરામચિહ્ન સુધારી વાક્ય ફરીથી લો.**
 - બિસ્મિલ્લાખાંના જીવનમાં ત્રણ જ, વ્યક્તિઓને સ્થાન, ખુદા મામા અને શરણાઈ.

40. **યોગ્ય સંયોજકોનો ઉપયોગ કરી નીચેના સાદાં વાક્યો જોડો.**
 (1) રાજાને કાને વાત પહોંચી.
 (2) રાજધાનીમાં કોઈ મોટા ચમત્કારી સિદ્ધપુરુષ આવ્યા છે.

41. **નીચે વાક્યમાં ખોટા સંયોજકનો પ્રયોગ કર્યો છે, તે સુધારી વાક્ય ફરીથી લખો.**
 - નારાયણ હેમચંદ્રનને ભાષાઓ જાણવાનો એટલે મુસાફરી કરવાનો લોભ અપાર હતો.

42. **નીચેના વાક્યોમાંથી સાદું વાક્ય શોધો.**
 (અ) જ્યાં આટલી ગરમી પડે ત્યાં લોકો કેમ રહેતા હશે ?
 (બ) વીજળી ચમકે છે.
 (ક) તમે અહી આવશો કે ભાવનગર જશો ?
 (ડ) વરસાદ વરસે છે અને પાણી ભરાય છે.

43. **નીચેના વાક્યમાંથી સંયુક્ત વાક્ય શોધો.**
 (અ) આજે ખેડૂત પાયમાલ થતા જાય છે અને કારીગર વર્ગ બેકાર બનતો જાય છે.
 (બ) ઇટાલી કલાભૂમિ છે.
 (ક) જ્યારે હું ત્યાં આવીશ ત્યારે તમને મળીશ.
 (ડ) માણેક મુનીમ ગામમાં વળાવિયો શોધવા નીકળ્યા.

44. **નીચેના વાક્યમાંથી સંકુલ વાક્ય શોધો.**
 (અ) સુનિતા ભણે છે.
 (બ) જો હું કશુયે બોલ્યો ન હોત તો તેઓને પરિસ્થિતિની જાણ થવાની નહોતી.
 (ક) ખેતર વાવતાં પહેલાં તમારે ઘાસ દૂર કરવું હતું.
 (ડ) રમેશને રજા પડી એટલે તે ઘેર આવ્યો.

45. **નીચેના વાક્યોમાંથી કયા વાક્યનો પદક્રમ યોગ્ય છે તે શોધો.**
 (અ) કિલાચંદ શેઠની દીકરી હતી કબુ.
 (બ) ન નીકળ્યો જવાબ કંઈ મોંમાયી મુનીમના માણેક.
 (ક) હવે કુસુમ મીરાંબાઈ થવાને તૈયાર છે.
 (ડ) પહેલાની વાત છે, વરસ ધણાધણ શરૂ કરી વાર્તા પ્રભાશંકરે.

**46. નીચેના વાક્યોમાંથી કયા વાક્યનો પદસંવાદ યોગ્ય છે તે શોધો.**

(અ) નિશાળે ગીતાબેન ગયાં છે. (બ) આંબા પરથી કેરી ખરી પડ્યાં.

(ક) રૂમમાં વર્ગમંત્રીઓ બેઠા હતા. (ડ) ગાય ખેતરમાં ઘાસ ચરતી હતી.

**47. નીચે આપેલા રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.**

- પેંગડામાં પગ ઘાલવો

(અ) બરાબરી કરવી (બ) આબરૂ મેળવવી (ક) ધનવાન થવું (ડ) વખાણ કરવાં

**48. નીચે આપેલા સામાસિક શબ્દનો અર્થ શોધો.**

- ટંકશાળ

(અ) નોટો છાપવાનું કારખાનું (બ) સોનાના સિક્કા પાડવાનું કારખાનું

(ક) ચલણી સિક્કા પાડવાનું કારખાનું (ડ) દાગીના બનાવાનું કારખાનું

**49. નીચે આપેલા શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

- સોડમ

(અ) દાડમ (બ) સુગંધ (ક) કાયા (ડ) પ્રપંચ

**50. નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.**

- સ્મૃતિ

(અ) યાદ (બ) યાદદાસ્ત (ક) વિસ્મૃતિ (ડ) સ્મરણ

**51. નીચે આપેલા વાક્યોમાંથી કયા વાક્યની વાક્યરચના ખોટી છે તે શોધો.**

(અ) ગામમાં સફરજન વેચતો એક ફેરિયો આવ્યો.

(બ) દરવાન મકાન ચોકી કરે છે.

(ક) શિક્ષક વિદ્યાર્થી સલાહ આપી રહ્યા છે.

(ડ) ગોવિંદ પોતાના ખેતર ખેડી રહ્યો છે.

**52. નીચેના શબ્દોમાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.**

(અ) લકિર (બ) રીયાજ (ક) ઓરડિ (ડ) બખિયો

**53. નીચેના શબ્દોમાંથી ખોટી જોડણીવાળો શબ્દ શોધો.**

(અ) દુભાષીયો (બ) તરજુમો (ક) પાટલૂન (ડ) વિલાયત

**54. નીચેની કહેવતમાંથી સમાન અર્થવાળું જોડકું શોધો.**

(અ) એક સાંધે ત્યાં તેર તૂટવાં - ઝાઝાં હાથ રળિયામણાં

(બ) કરણી તેવી ભરણી - કરશો તેવું પામશો.

(ક) સાપે છછુંદર ગળવું - ઉતાવળે આંબા ન પાકે

(ડ) બોલે તેના બોર વેચાય - ન બોલવામાં નવ ગુણ

## <u>વિભાગ-D (અર્થગ્રહણ / લેખન સજ્જતા)</u>

- **નીચેના આપેલ કાવ્યને વાંચી આપેલાં પ્રશ્નોના જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ રહેશે)** **05**

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,<br>
ફરી આ દશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે<br>
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,<br>
પછી આ માટીની ભીની અસર મળે ન મળે

પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા : આ મીઠી નજર મળે ન મળે.
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.
રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં;
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.
વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.
વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ',
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

**- 'આદિલ' મન્સૂરી**

**પ્રશ્નો :**

55. 'આદિલ' મન્સૂરી મતે કયું દશ્ય ફરી સ્મૃતિપટ પર જોવા નહી મળે ?
56. કવિ શ્વાસમાં શું ભરી લેવા માગે છે ?
57. કવિ આંખમાં શું - શું ભરી લેવા માગે છે ?
58. આ કાવ્યમાં કોઈની કબર મળે ન મળે એમ કવિ કેમ કહે છે ?
59. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

- **નીચેના આપેલા ફકરાને ધ્યાનથી વાંચી તેને આધારે નીચે આપેલાં પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** **05**

ઉછીનું માગનારાઓ લગભગ અ-પરિગ્રહી પણ યાચક વૃત્તિવાળા, ધૃષ્ટ, નિર્લજ્જ અને બેદરકાર હોય છે. ઉછીનું માગનારા શોષકો પરોપજીવી વનસ્પતિની માફક પોતે ઉછીનું માગવા સિવાયની બીજી કશી તકલીફ લીધા વિના બીજાને ભોગે જ જીવનારા હોય છે. સવારથી સાંજ સુધીમાં સેંકડો ચીજોની તેમને જરૂર પડે છે, પણ તે બધી જ તેઓ ઉછીની માગીને જ ચલાવે છે. મીઠાં - મરચાંથી શરૂ કરી ઘી કે એલચી - કેસર સુધીની અસ્થાયી ચીજો અને ટાંકણીથી શરૂ કરી કેમેરા કે રેડિયો સુધીનાં રાચ તેઓ આપણી પાસે નિઃસંકોચ ઉછીનાં માગી શકે છે. તે પાછાં લાવવાની જવાબદારી પણ આપણા માથે જ રહે છે, અને તે પણ પાછાં માગીએ ત્યારે મળે જ તેમ નહિ - દસબાર આંટા તો તેઓ આપણને ખવડાવે જ અને અધીરા જીવના કહે તે તો લાભમાં દુનિયામાં જેમ સંતપુરુષો ગણ્યાગાંઠ્યા જ હોય છે તેમ ઉછીનું લઈ જનારાઓમાં અસ્થાયી વસ્તુ સારી જાતની અને લીધી હોય તેટલી જ અને સ્થાયી રાચ ભાંગ્યા - તોડ્યા વિના તેવી ને તેવી હાલતમાં, વગર માગ્યે, ટાણાસર આપી જનાર વિરલ હોય છે.

**પ્રશ્નો :**

60. લેખકના મતે ઉછીનું માંગનારાઓના કયાં - કયાં દુર્ગુણો અહી દર્શાવ્યા છે ?
61. ઉછીનું માગનારાઓ પરોપજીવી વનસ્પતિ જેવા છે એવું લેખક કેમ કહે છે ?
62. ઉછીનું માગનારાઓ કઈ - કઈ વસ્તુઓ ઉછીની માંગે છે ?
63. લેખકે કયા ઉછીનું માંગનારાઓનુે વિરલ કહ્યા છે ?
64. પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.
65. **નીચે આપેલ અંગ્રેજી પરિચ્છેદ વાંચી, સમજીને તેનો 1/3 ભાગમાં ગુજરાતીમાં સંક્ષેપ કરો.** **05**

Remember how I constantly tell you both about the importance of making your way up in the world without waiting for your parents to pull strings? I believe it is best for children to work hard to make their dreams come true and to not

have things handed to them on a platter. When you are home visiting us, Deepika, you make your own bed, clear the table after meals, and sleep on the floor if there are guests at home. If you occasionally wonder why we refuse to treat you like a star, it is because you are our daughter first and a film star later. The cameras that follow you every where and the arc lights will eventually fade and what will remain is the real world. Strive to generate positivity around you even though you are new and too small a player to effect a big change. You are in an industry where there's always going to be big money, but I belive that it is important to try to be the best in whatever you do regardless of money.

**66. નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા લખી તેને યોગ્ય શીર્ષક આપો.** **05**

એક શિલ્પી - મૃત્યુની આગાહી - પોતાના શરીર જેવા બીજા છ પૂતળા બનાવવા - યમદૂતનું આગમન - મૂંઝવણ - વિચાર કરીને 'હા ભૂલ મળી એમ બોલવું' - શિલ્પીનો પ્રશ્ન - 'ક્યાં છે ભૂલ?' - શિલ્પી ઝડપાયો - બોધ - સાર.

## વિભાગ-E (લેખન સજ્જતા)

**67. નીચે આપેલી પંક્તિઓનો આશરે 100 શબ્દોમાં વિચાર-વિસ્તાર કરો.** **05**

'પ્રતિજ્ઞા વિનાનું જીવન એ પાયા વિનાના ઈમારત જેવું છે.'

**અથવા**

'આળસ એ તો જીવતા માણસની કબર છે.'

**68.** તમારી શાળામાં ઉજવાયેલ 'સ્વચ્છતા દિવસ'નો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. **05**

- **નીચે આપેલા કોઈ એક વિષય પર આપેલ મુદ્દાઓને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **10**

**69. મોબાઈલના લાભાલાભ**

[પ્રસ્તાવિક - આજનો આધુનિક યુગ - અદ્યતન ટેક્નોલૉજી - આજના સમયની માંગ - લાભ - ગેરલાભ - ઉપસંહાર]

**અથવા**

**કન્યા કેળવણીનું મહત્ત્વ :**

[પ્રસ્તાવિક - સમાજમાં કન્યા કેળવણીનું મહત્ત્વ - કન્યા અને શિક્ષણ - સ્થિતિ - સ્ત્રી શિક્ષણ મફત - સમાજમાં સ્ત્રીને સમાન હકો અને તકો - ઝડપી વિકાસ - ઉપસંહાર]

**અથવા**

**એક નદીની આત્મકથા :**

[પ્રસ્તાવિક - જન્મ - બાલ્યાવસ્થા - હાલની પરિસ્થિતિ - ઉપયોગિતા - રૌદ્ર સ્વરૂપ - ઉપસંહાર]

❑ ❑ ❑